અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તે માટે ટ્રાફીકનું નિયમન કરવા

# પાવાગઢથી માચી માર્ગ પર શનિ રવિ ખાનગી વાહનો માટે પ્રતિબંધ

## ૭/૯/૨૦૨૩ દરમ્યાન આવતાં તમામ શુક્રવારના ૨૪.૦૦ કલાકથી રવિવારના ૧૯.૦૦ કલાક સુધી તળેટીથી માંચી સુધી જવાના રસ્તા ખાનગી વાહનો અવર જવર બંધ કરવા જાહેરનામું

પંચમહાલ, તા.૮

ગુજરાતના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ મંદિર તથા ડુંગર પર હાલ નવીનીકરણની કામગીરી હાથ ધરાઈ છે. આ વચ્ચે યાત્રાળુઓની અવરજવર તો રહે જ છે.

ખાસ કરીને તહેવાર કે શનિ રવિવારના રજાના દિવસે ભારે ભીડ રહે છે. તેથી આવા માહોલમાં ટ્રાફિક જામ ન સર્જાય તે માટે પંચહાલ કલેક્ટર દ્વારા વાહનો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. પંચમહાલ જીલ્લા મેજિસ્ટ્રેટ આશિષકુમારે પાવાગઢ તળેટીથી માંચી સુધીનું જાહેરનામું બહાર પાડ્યું છે.

હાલ ચોમાસુ હોવાથી લોકોની અવર--જવર દરમ્યાન અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તે માટે ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી છે. જેથી પાવાગઢ તળેટીથી માંચી સુધીના રૂટ ઉપર જાહેરનામું પ્રસિધ્ધ કર્યાથી બે માસ એટલે કે તા. ૭/૯/૨૦૨૩ દરમ્યાન આવતાં તમામ શુક્રવારના ૨૪.૦૦ કલાકથી રવિવારના ૧૯.૦૦ કલાક સુધી તળેટીથી માંચી સુધી જવાના રસ્તા ટ્રક, ટેક્ષી, ઓટો રિક્ષા, જીપ, ટુ વ્હીકલ સહિત ખાનગી ભારે તથા હળવા વાહનો અવર જવર કરી શકાશે નહિ, કોઈપણ પ્રકારના વાહનો અથવા પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજ વસ્તુઓનું વહન કરી શકાશે નહિં.

હાલોલ ટીમ્બી ત્રણ રસ્તાથી, જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, પીંકવા ચોકડી તેમજ ધનકુવા ચોકડીથી પાવાગઢ ખાતે પ્રવેશતા ખાનગી ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ રહેશે. વાહનોનું પાર્કિંગ પંચમહોત્સવ વાળી ખાલી જગ્યાએ અને એસ.ટી. બસનો પોઈન્ટ વડાતળાવ રાખવો તથા એસ.ટી.બસો, સરકારી વાહનોને લાગુ પડશે નહિં. એસટી નિયામકે જણાવ્યુ હતુ કે એસટી નિગમ દ્વારા યાત્રાળુઓ માટે વધુ ૨૦ બસો શરૂ કરવામાં આવશે.

# અમદાવાદમાં સોલા ભાગવત નજીક યુ-૨૦ પાર્કમાં દેશ-વિદેશના મેયર તથા ડેલિગેટ્સ દ્વારા વૃક્ષારોપણ

## ૪૦ દેશના મેયર સહિત ૫૬ જેટલા વિદેશી ડેલિગેટ્સ દ્વારા વૃક્ષારોપણ કરી ખાતમુહૂર્ત કરાયું





ગાંધીનગર, તા.૮

આજ રોજ અમદાવાદમાં સોલા ભાગવત નજીક શહેરના પ્રથમ યુ-૨૦ મેમોરિયલ પાર્કનું ખાતમુહૂર્ત કરાયું હતું. જેમાં યુ-૨૦ સમિટ અંતર્ગત આવેલા ૪૦ દેશના મેયર સહિત કુલ ૫૬ જેટલા વિદેશી ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા, અને અમદાવાદના મેયર શ્રી કિરીટ પરમાર સહિત તમામના હસ્તે વૃક્ષારોપણ કરી પાર્કનું ખાતમુહૂર્ત કરાયું હતું. તેમજ વિદેશી મહાનુભાવોના હસ્તે બિગોનિયા અને મિલિનગટોનીયા હોર્ટેસિસ ફલાવરનું પણ વૃક્ષારોપણ કરાયું હતું. આ પાર્કનું નિર્માણ કાર્ય એક વર્ષની અંદર પૂર્ણ કરવામાં આવશે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે ટીવી-૯ ન્યૂઝ ચેનલની નવનિર્મિત હેડઓફિસની મુલાકાત લીધી હતી. જ્યાં મુખ્યમંત્રીશ્રીનું ચેનલ હેડ કલ્પક કેકરે તથા ઈનપુટ હેડ વિકાસ ઉપાધ્યાયે પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ન્યૂઝ ચેનલના અદ્યતન ટેકનોલોજી સાથેના આધુનિક સ્ટુડિયોનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર ટીવી-૯ પરિવારને શુભેચ્છા આપી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ ચેનલના તંત્રી અને પત્રકારો સાથે સંવાદ સાધ્યો હતો.

# સાબરમતીથી જોધપુર વંદે ભારત ટ્રેનની શરૂઆત

અમદાવાદ, તા.૮

દેશમાં રેલવેની કાયાપલટ થઈ રહી છે. ત્યારે એક પછી એક એમ અનેક હાઈસ્પીડ ટ્રેનો છેલ્લા એક વર્ષના ગાળામાં જ શરૂ કરવામાં આવી છે. તેમાં વંદે ભારત ટ્રેનનો પણ સમાવેશ થાય છે. ગયા સપ્ટેમ્બર મહિનામાં વડાપ્રધાન મોદીએ દેશની પહેલી હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનને અમદાવાદથી મુંબઈ વચ્ચે લીલીઝંડી આપી હતી. ત્યારે વધુ એક વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વંદે ભારત ટ્રેનને સાબરમતીથી જોધપુર વચ્ચે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી છે. સૌથી મોટી વાત એ છે કે, આ ટ્રેનને કારણે ઉત્તર ગુજરાતના પ્રવાસીઓનો સમય બચશે. કારણ કે, પહેલાં ૮-૯ કલાકનો સમય થતો હતો. જ્યારે વંદે ભારત ટ્રેન માત્ર ૬ કલાકમાં જ જોધપુર પહોંચાડી દેશે.

આ ટ્રેન આધુનિક સુવિધાથી સજ્જ છે. ટ્રેનમાં આરામદાયક સીટ, સ્લાઈડિંગ દરવાજા, વ્યક્તિગત રીડિંગ લાઈટ્સ, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ, એટેન્ડન્ટ કોલ બટન્સ, બાયો-ટોઈલેટ્સ, ઓટોમેટિક એન્ટ્રી અને એક્ઝિટ ડોર, સીસીટીવી કેમેરા વગેરે જેવી આધુનિક સુવિધાઓ આપવામાં આવી છે.આ ટ્રેન અઠવાડિયામાં ૬ દિવસ ચાલશે અને મંગળવારે નહીં ચાલે. ટ્રેન નંબર ૧૨૪૬૨ અમદાવાદ સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ. અમદાવાદના સાબરમતીથી ૧૬.૪૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૨.૫૫ કલાકે જોધપુર પહોંચશે.

તેવી જ રીતે ટ્રેન નંબર ૧૨૪૬૧ જોધપુર-અમદાવાદ (સાબરમતી) વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ. જોધપુરથી ૦૫.૫૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૨.૦૫ કલાકે અમદાવાદ સાબરમતી પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના અને પાલી મારવાડ સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ છે. ટ્રેન નંબર ૧૨૪૬૨ માટે બુકિંગ તમામ ઈજી કાઉન્ટર અને ઈઝ્ઝ વેબસાઈટ પર ખુલ્લું રહેશે.

# રાજ્યમાં વધુ ૨૦ ઈ-ટ્રાફિક કોર્ટ શરૂ કરવા હાઈકોર્ટનો નિર્ણય

## લોકોને પોલીસ સ્ટેશનના ધક્કામાંથી મુક્તિ મળશે : આ ઈ-કોર્ટમાં ચલણનું પેમેન્ટ ક્રેડિટ, ડેબિટ કાર્ડ, યુપીઆઈ તેમજ નેટ બેકિંગ દ્વારા સરળતાથી ભરી શકાશે

અમદાવાદ, તા.૮

રાજ્યમાં મે મહિનાની ૩જી તારીખે અમદાવાદમાં વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરુઆત કર્યા બાદ હવે વધુ ૨૦ ઈ-ટ્રાફિક કોર્ટ શરુ કરવાનો ગુજરાત હાઈકોર્ટે શરુ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં ઈ-ટ્રાફિક કોર્ટ શરુ થયા બાદ અરજદારોને પોલીસ સ્ટેશન સુધી ધક્કા ખાવામાંથી મુક્તિ મળી જશે. ગુજરાતમાં પોલીસ આરટીઓના ચલણ સાથે વન નેશન વન ચલણ પ્રોજેક્ટનું સંકલન થયુ છે. સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ ઈ-કોર્ટ પ્રોજેક્ટ હેઠળ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટ સમગ્ર રાજ્યમાં શરુ કરવામાં આવશે. રાજ્યમાં હવે અમદાવાદ બાદ અન્ય ૨૦ સ્થળોએ ઈ-ટ્રાફિક કોર્ટ શરુ કરવાનો ગુજરાત હાઈકોર્ટે નિર્ણય કર્યો છે. આ માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૨૦ ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજેસ્ટ્રેટને નોટિફાઈ કરાયા છે. રાજ્યમાં હવે નવસારી, પંચમહાલ, ભાવનગર, દાહોદ, પોરબંદર, તાપી, અમરેલી, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને જૂનાગઢમાં ઈ-ટ્રાફિક કોર્ટ શરુ કરવામાં આવશે. અરજદારોએ આ ઈ-કોર્ટમાં ચલણનું પેમેન્ટ ઈ પેમેન્ટ ગેટવેથી ઓનલાઈન ભરી શકાશે. જેમા ક્રેડિટ, ડેબિટ કાર્ડ, યુપીઆઈ તેમજ નેટ બેકિંગ દ્વારા ઓનલાઈન સરળતાથી દંડ ભરી શકાશે. આ સુવિધા બાદ અરજદારોને ટ્રાફિકનો દંડ ભરવા માટે હવે કોર્ટની લાઈનમાં ઉભા રહેવું પડશે નહીં. વાહનચાલકો ઈ-ચલણના દંડની રકમ ૯૦ દિવસમાં નહીં ભરે તો બાદમાં આપમેળે ઈ-ચલણ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટના સર્વરમાં મોકલી દેવામાં આવે છે અને ટ્રાફિક કેસોમાં વાહનના માલિકને નોટિસ તેમજ મોબાઈલ પર એસએમએસ દ્વારા દંડની જાણ કરવામાં આવે છે. આ સાથે દંડ ભરવાની લિંક પણ હોય છે. જો વાહનચાલકને દંડની રકમ સામે વાંધો હશે તો કેસ લડવા માટે જે-તે શહેરની અદાલતમાં તે કેસ મોકલી અપાશે.

ક્રુઝ તરતું રાખવું હોય તો નદીનું લેવલ વધુ રાખવું પડે

# ક્રુઝ નદીમાં ઉતરતા જ વિવાદ શરૂ

## પાણીનું લેવલ જાળવવામા આવે તો અમદાવાદના નદી કાંઠાના વિસ્તારોમાં પાણીની સમસ્યા ઉદભવી શકે છે

અમદાવાદ, તા.૮

હજી સપ્તાહ પહેલા જ અમદાવાદની સાબરમતી નદીમાં ક્રુઝ ઉતારવામાં આવ્યું છે. નદી વચ્ચે લંચ અને ડિનરની સુવિધા આપતી આ ક્રુઝ સેવા ઉદઘાટનના એક સપ્તાહમાં જ વિવાદનું કારણ બની છે. ક્રુઝ તરતું રાખવું હોય તો નદીનું લેવલ વધુ રાખવું પડે એમ છે, આવામાં નદીમાં બેરેજ ખાતે પાણીના ઓછા લેવલથી ક્રુઝ ફસાઈ જવાની સંભાવના છે. તો બીજી તરફ, પાણીનું લેવલ જાળવવામા આવે તો અમદાવાદના નદી કાંઠાના વિસ્તારોમાં પાણીની સમસ્યા ઉદભવી શકે છે. આવામાં એલિસબ્રિજ ધારાસભ્ય અમિત શાહે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો. ગઈકાલ સમી સાંજથી અમદાવાદ શહેરમાં વિજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. એક તરફ અમદાવાદ પાણીમાં ડૂબ્યું હતું. અમદાવાદ શહેરમાં ભારેથી અતિભારે વરસાદના કારણે વાસણા બેરેજના ૯ ગેટ ખોલી નાંખવામાં આવ્યા હતા અને ૨૫ હજાર ક્યુસેક પાણી નદીમાં ઠાલવાઈ રહ્યુ છે. આવામાં ચોમાસા સમયે વાસણા બેરેજ ખાતે નદીનું લેવલ કેટલુ રાખવું તેને લઈને વિવાદ સર્જાયો છે. આ અંગે એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો છે. ધારાસભ્ય અમિત શાહે ભારે વરસાદ સમયે બેરેજ ખાતે સાબરમતી નદીનું લેવલ ૧૨૮ ફૂટ રાખવા રજુઆત કરી છે. નદીનું લેવલ વધુ હોય તો નદીની આસપાસના પાલડી અને વાસણા વિસ્તારોમાં પાણી ભરાવો થતો હોવાની રજુઆત કરી છે. સાથે જ ગતરોજ સાંજના સમયે પણ નદીનું લેવલ વધુ રખાતા પોતાના મતવિસ્તારમાં પાણી નિકાલની સમસ્યા સર્જાઈ હોવાનો પત્રમાં ઉલ્લેખ કર્યો છે. બીજી તરફ તાજેતરમાં શરૂ કરાયેલી ક્રુઝ સેવા પણ વિવાદનું કારણ બની છે. ક્રુઝ તરતું રાખવું હોય તો નદીનું લેવલ વધુ રાખવું પડે એમ છે. નદીમાં બેરેજ ખાતે પાણીના ઓછા લેવલથી ક્રુઝ ફસાઈ જવાની સંભાવના છે. જેથી બેરેજના દરવાજા નજીક પાણીની ઊંડાઈ વધુ હોવાથી ક્રુઝ તરતું રહી શકે છે. બેરેજથી અટલ બ્રિજ તરફ ક્રુઝ જેટલું વધુ દૂર રહેશે, એટલું તેને તરતું રહેવામાં વધુ મુશ્કેલી સર્જાય એવી ભૌગલિક પરિસ્થિતિ છે.

# ઉદયભાણસિંહજી સહકારી ક્ષેત્રીય પ્રબંધન સંસ્થાનો ત્રીજો પદવીદાન સમારોહ સંપન્ન

## ૧૮ ચંદ્રક સહિત ૯૬ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ એગ્રિ બિઝનેસની પદવી એનાયત



ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે આયોજિત ઉદયભાણસિંહજી ક્ષેત્રીય સહકારી પ્રબંધન સંસ્થાનના ત્રીજા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રીશ્રી બી.એલ. વર્માએ જણાવ્યું કે ગુજરાત એ સહકાર આંદોલનનો પર્યાય છે. આ તકે સંસ્થામાંથી એગ્રિકલ્ચરલ માર્કેટિંગની ડિગ્રી મેળવનારા તમામ વિદ્યાર્થીઓને સફળ કરિયરની શુભેચ્છાઓ પાઠવી, તેઓ દેશના કૃષિ અને સહકારી ક્ષેત્રને સમૃદ્ધ બનાવવાના નવા માપદંડો સ્થાપિત કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે દેશના વિશાળ સહકારી ક્ષેત્રનું મહત્ત્વ દર્શાવતા મંત્રીશ્રીએ જણાવ્યું કે સહકાર એક સામાજિક વ્યવસ્થા છે, જેનો હેતુ સમાજની દરેક વ્યક્તિને આર્થિક વિકાસ સાથે જોડવાનો છે. આ સહકારક્ષેત્રમાં રહેલી વિકાસ સંભાવનાઓને પારખીને આજથી બે વર્ષ પહેલાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'સહકારથી સમૃદ્ધિ'ની પરિકલ્પના કરી, સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે તેમજ વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન સાકાર કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અને દેશના પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં આ મંત્રાલય કાર્ય કરી રહ્યું છે. સહકારી ક્ષેત્ર એ દેશના અર્થતંત્રની કરોડરજ્જૂ છે. આજે દેશના આશરે ૨૯ કરોડ જેટલા સભ્યો પ્રત્યક્ષ રીતે ૮ લાખ જેટલી સહકારી સમિતિઓ સાથે જોડાયેલા છે. દેશના સહકારક્ષેત્રના વિકાસને નવી ગતિ આપવા માટે ગ્રામીણ અને પંચાયત સ્તરે પેક્સની રચના કરવામાં આવી રહી છે તેમજ પારદર્શકતા લાવવા માટે આવી પેક્સનો રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. હાલ આવી ૬૩,૦૦૦ જેટલી પેક્સ/લેમ્પ્સને રાષ્ટ્રીય સ્તરે આ ડેટાબેઝની મદદથી નાબાર્ડ સાથે લિંક કરવામાં આવી છે. આગામી પાંચ વર્ષમાં પંચાયત અને ગ્રામીણસ્તરે પેક્સની રચના, ડેરી, મત્સ્ય સહકારી સમિતિ સહિત બે લાખ જેટલી નવી સમિતિઓની રચના કરવાનું આયોજન છે. ભારત વિશ્વનો ત્રીજા ક્રમનો ખાદ્યાન્ન ઉત્પાદક દેશ છે, ત્યારે દેશના ખેડૂતોએ પકવેલું અનાજ પડ્યું ન રહે અને વેડફાઈ નહીં, તે માટે વડાપ્રધાનશ્રી દ્વારા અન્ન ભંડારણ યોજના અમલી કરવામાં આવી છે.

# દેશની ગુપ્ત માહિતી પાક. હેન્ડલરને પહોંચાડનારાની ભૂજથી ધરપકડ

અમદાવાદ, તા.૮

દેશની ગુપ્ત માહિતી પહોંચાડવાના આરોપ હેઠળ કચ્છમાંથી ગુજરાત એટીએસ દ્વારા એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. એટીએસ દ્વારા ભૂજમાંથી નિલેશ બડીયા નામના શખ્સની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. ભૂજનો નિલેશ બડીયા નામનો શખ્સ પાકિસ્તાનના હેન્ડલરને ગુપ્ત માહિતી આપતો હતો. તેમજ નિલેશ કચ્છ બીએસએફ યુનિટમાં પ્યૂન તરીકે કામ કરતો હતો. પાકિસ્તાનને માહિતી આપવાના બદલામાં રુ. ૨૫ હજારથી વધુ રુપિયા મેળવતો હતો.

# રાજકોટમાં મેઘમહેર થયા બાદ ગોંડલનો આશાપુરા ડેમ છલકાયો

રાજકોટ, તા.૮

રાજકોટ જિલ્લાના ગોંડલ પંથકમાં પાછલા કલાકોમાં ધોધમાર વરસાદ વરસી પડ્યો છે. સતત પડી રહેલા વરસાદના કારણે ગોંડલ પંથકના વિસ્તારોમાં આવેલા જળાશયોમાં નવા નિર્માણ આવ્યા હતા ત્યારે ગોંડલ ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો મા પીવાના પાણી લઈને ખૂબ જ મહત્વનો ગણાતો આશાપુરા ડેમ પણ ઓવરફ્લો થઈ ગયો છે. જેથી ગોંડલ પંથકના લોકોમાં પણ ખુશી જોવા મળી હતી. બે દિવસમાં ગોંડલ પંથકમાં પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો ગુરુવારે ત્રણ ઈંચ જેટલો વરસાદ ગોંડલમાં આવ્યો હતો જ્યારે શુક્રવારે બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો, આ ઉપરાંત આશાપુરા ડેમની ઉપર વાસના ગામોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો જેથી ડેમ ઓવરફ્લો થયો હતો. આ સાથે જ સેતુ ડેમમાં પણ નવા નીર આવ્યા હતા. આશાપુરા ડેમ ઓવરફ્લો થતાં ગોંડલી નદી પણ ગાંડી તૂર થઈ છે. નદીની આસપાસમાં રહેતા ગ્રામ્ય વિસ્તારોને એલર્ટ કરાયા હતા.

# રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં NDRFની સાત ટીમ ડિપ્લોઈડ

અમદાવાદ, તા.૮

ઓફશોર ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પાંચ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી કરવામાં છે. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર એલર્ટ થઈ ગયું છે. તંત્ર દ્વારા સંભવિત વરસાદની આગાહી વાળા વિસ્તારમાં NDRFની ૭ ટીમો ડિપ્લોઈડ કરવામાં આવી છે.

ભારે વરસાદની હવામાન વિભાગની આગાહીને પગલે અમરેલી, જૂનાગઢ, જામનગર, કચ્છમાં NDRFની ૧-૧ ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આ ઉપરાંત નવસારી, રાજકોટ અને વલસાડમાં ૧-૧ ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદની આગાહી કરી છે. આગામી ૨૪ કલાક સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં પણ ભારે વરસાદની સંભાવના છે. જામનગર, દ્વારકા અને પોરબંદરમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો અમદાવાદમાં યલો એલર્ટ અપાયું છે.

### જમાવટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈકાલથી સાંજે પાંચ વાગ્યા સુધી શહેરમાં ૧૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૨૨૧ મી.મી. થયો છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ વરસાદથી રાહત મળે એવી કોઈ શક્યતા નથી. સતત વરસાદના કારણે ક્યાંય પૂરની સ્થિતિ ઉદ્ભવી શકે છે. ઉત્તર ગુજરાતના વિસ્તારો માટે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે.

### લોહીયાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ગ્રામ પંચાયતોની લગભગ ૭૪,૦૦૦ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. રાજ્યમાં પંચાયતની ચૂંટણી માટે મતદારોની સંખ્યા લગભગ ૫.૬૭ કરોડ છે. મતદાનના દિવસે પણ હિંસાનો સિલસિલો યથાવત છે.

મળતી માહિતી મુજબ ઉત્તર ૨૪ પરગણાના બાસુદેબપુરમાં મતદાન મથક પર જતા સમયે રાજ્યપાલ સીવી આનંદ બોઝને સીપીઆઈએમના કેટલાક ઉમેદવારોએ રોક્યા જેમણે તેમને તેમની સમસ્યા જણાવી. ગવર્નરે અટકીને તેમની વાત સાંભળી હતી. પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી પહેલા અથડામણમાં વધુ ૭ રાજકીય કાર્યકરોના મોત થયા છે.

### માફી માગી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાવનાઓને ઠેસ પહોંચી છે. મારા તમામ ભાઈઓ અને બહેનો, વડીલો, આદરણીય ઋષિઓ અને શ્રી રામના ભક્તોની હું હાથ જોડીને બિનશરતી માફી માંગુ છું. ભગવાન બજરંગ બલી આપણા બધા પર કૃપા કરે તથા આપણને એક અને અતૂટ રહેવાની અને આપણા પવિત્ર શાશ્વત અને મહાન દેશની સેવા કરવાની શક્તિ આપે!'

'આદિપુરુષ'નો વિવાદ કોર્ટમાં પહોંચ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે નિર્દેશક ઓમ રાઉત, નિર્માતા ભૂષણ કુમાર અને ડાયલોગ રાઈટર મનોજ મુંતશિરને સમન્સ પાઠવ્યા છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ફિલ્મમાં હિંદુ દેવી-દેવતાઓને જે હાસ્યજનક રીતે દર્શાવવામાં આવ્યા છે. ત્રણેયને આ મામલાની આગામી સુનાવણી માટે ૨૭ જુલાઈના રોજ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

### બદલી માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાશનાધિકારીએ સુનિશ્ચિત કરવા જણાવી દેવાયું છે.

આ ઉપરાંત કેમ્પના આયોજન પહેલા જ જિલ્લા ફેર બદલી માટે આવેલી અરજીઓ મુદ્દે શિક્ષણ વિભાગના મે ૨૦૨૩ના ઠરાવની જોગવાઈ મુજબ શ્રેયાનતા યાદી પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે. જ્યારે શિક્ષણ વિભાગ કે નિયામકની કચેરી દ્વારા કરાયેલા બદલીના હુકમમાં આપેલી સુચના અનુસાર અમલીકરણ બાકી હોય તો તે પૂર્ણ કરીને ઉપલબ્ધ ચોખ્ખી જગ્યાઓ જિલ્લા આંતરિક બદલી કેમ્પ, જિલ્લા વિભાજન બદલી કેમ્પ અને જિલ્લા ફેર બદલી કેમ્પમાં બતાવવાની પણ સુચના અપાઈ છે.

### વૃક્ષો વાવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવાની વિશેષ જોગવાઈ કરાઈ છે તેથી વૃક્ષોના ઉછેરમાં પૂરક બનશે. જો કે હજુ સુધી કમ્પોઝ્ડ ખાતર મેળવવા એક પણ કાઉન્સીલરે તૈયારીઓ બતાવી નથી. શહેરમાં વૃક્ષોના વાવેતર અભિયાનનો ખૂબ જ ઝડપથી આરંભ કરવામાં આવનાર છે.

બીજી તરફ વન વિભાગે પણ શહેરમાં પાંચ વન કવચ વિકસાવવા માટેનું અભિયાન આરંભી દીધુ છે. બે વન કવચના સ્થળો પર વાવેતરનું કામ પૂર્ણ થઈ ગયાનું વન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

### પાંખનું મૌન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદારીમાંથી જે રીતે વહીવટીય પાંખ પીછેહઠ કરી રહી છે તેનો સીધો લાભ કોંગ્રેસ ઉઠાવી રહી છે. સામાન્ય સભામાં લવારપુર પંચાયતને સુપરસીડ કરવાના મુદ્દે પણ જે રીતે ચૂંટાયેલી પાંખના મતભેદો બહાર આવ્યા હતા તે પછી હવે વહીવટીય ચૂંટાયેલી પાંખની મુદત અઢી વર્ષની પૂર્ણ થવા આવી છે ત્યારે મૌન રહેવાનું પસંદ કરી જન માનસમાં પણ ચર્ચાસ્પદ આ વલણ બન્યુ છે.